પ્રેરણા વિદ્યાલય અને સરસ્વતી વિદ્યાલય દ્વારા વિદ્યાર્થી સન્માન અને મનોરંજનનો અનોખો સમન્વય કરાયો

ટાઉનહૉલમાં ત્રિવેણી સંગમરૂપ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૪

પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ અને સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તેજસ્વી બાળકોનું સન્માન, સરસ્વતી વિદ્યાલયની ૩૦ વર્ષની યશસ્વી કામગીરીના અહેવાલના વિમોચન સાથે કિલકિલાટ ચિલ્ડ્રન ક્લબનો પ્રારંભ તેમજ જીવરામ જોષી લિખિત બે નાટકોનો મહા કાર્યક્રમ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. નવા વર્ષના પ્રથમ દિવસે આયોજિત આ અનોખા કાર્યક્રમમાં ગાંધીનગર શહેર વસાહત સંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર, બંને શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા, મહેન્દ્રભાઈ પટેલ, નિરંજનાબેન બિહોલા, સુરેશભાઈ પટેલ ઉપરાંત કલાકાર રાજેશ રાવલ અને અમ્બર સૈયદ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિઓના હસ્તે બંને શાળાઓના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન બાદ જીવરામ જોષી લિખિત, ભાર્ગવ જોષી દિગ્દર્શિત અને હિમાંશુ ભચેચ પ્રસ્તુત બે બાળનાટકો પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં, જેને વિદ્યાર્થીઓનો બહોળો પ્રતિસાદ સાંપડ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા અને આભારવિધિ સરસ્વતી વિદ્યાલયના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમાર દ્વારા કરવામાં આવી હતી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ કે પટેલ સ્કૂલમાં બલૂન્સ ડેની ઉત્સાહી ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ પોતાને ગમતાં બલૂન્સ સાથે મનભરીને રમવાનો આનંદ માણ્યો હતો.

સ્કૂલ ઑફ અચિવર રોલ બૉલ સ્પર્ધામાં ઝળકી

ગાંધીનગર, તા.૪

સ્કૂલ ગેમ્સ અંતર્ગત તાજેતરમાં બાલાસિનોર મુકામે યોજાયેલી રોલ બૉલની રાજ્યકક્ષાની સ્પર્ધામાં સ્કૂલ ઑફ અચિવર, કુડાસણની ભાઈઓની ટીમે તૃતિય ક્રમનું વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું. આ વિજેતા ટીમમાં કવન દર્શન રાવલ, ધૃવિત રાજન કોકડિયા, હેત પ્રકાશ પટેલ, જેનિશ ચેતનકુમાર પટેલ અને ધ્વનિત કમલેશકુમાર જોષી સામેલ હતા. ઉપરાંત કેરાલા ખાતે આયોજિત રાષ્ટ્રકક્ષાની રોલ બૉલ સ્પર્ધામાં સ્કૂલની વિદ્યાર્થિની પ્રિન્સિ નવિનકુમાર પટેલે પણ તૃતિય ક્રમનું વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું. આ સૌ વિજેતા ખેલાડીઓને કોચ ભાર્ગવ આયર દ્વારા તાલીમ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આર જી કન્યા શાળાનો દમદાર વાર્ષિકોત્સવ

શ્રીમતી આર જી પટેલ કન્યા શાળા, સૅક્ટર-૨૩ દ્વારા વાર્ષિક ઉત્સવની ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ ઉપક્રમે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈને સુંદર કૃતિઓનું પ્રદર્શન કર્યું હતું.

તાજેતરમાં અંગ્રેજી વિભાગ, સરકારી વિનયન કોલેજ, ગાંધીનગર દ્વારા સ્વર્ણિમ પાર્ક ખાતે સર્જનાત્મક લેખન કાર્યશિબિર યોજવામાં આવી હતી, જેમાં ૪૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શિબિર અંતર્ગત વિદ્યાર્થીઓએ કાવ્ય અને ટૂંકી વાર્તાઓ જેવી મૌલિક કૃતિઓની રચના કરી હતી. આચાર્ય ડૉ.આર. બી. કોઠારી તથા વિભાગ અધ્યક્ષ ડૉ. એમ. કે. બુચ દ્વારા વિદ્યાર્થીઓને આ સર્જનાત્મક ઉપક્રમમાં ભાગીદાર થવા બદલ બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

વૃશુ ગેમ્સની નૅશનલ ચૅમ્પિયનશીપ તાજેતરમાં ઝારખંડ ખાતે યોજાઈ હતી, જેમાં ૧૧ રાજ્યોએ ભાગ લીધો હતો. હીરામણિ સ્કૂલ (અંગ્રેજી માધ્યમ)ની વિદ્યાર્થિની શ્રેયા રાવલે આ ચૅમ્પિયનશીપમાં બ્રૉન્ઝ મૅડલ મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું હતું. સંસ્થાના પ્રમુખ નરહરિ અમીન, મૅનેજિંગ ટ્રસ્ટી વરુણ અમીને શ્રેયાને આ સિદ્ધિ બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ચાલુ શૈક્ષણિક વર્ષે ખેલ મહાકુંભમાં શ્રી પી પી આર શાહ હાઈસ્કૂલ, લીંબોદરાના વિદ્યાર્થીઓએ ચૅસ, યોગાસન, કબડ્ડી અને ઍથ્લેટિક્સમાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને કલોલ તાલુકામાં અવ્વલ સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને સરકાર દ્વારા રૂપિયા પચીસ હજારનું રોકડ ઇનામ પ્રાપ્ત કર્યું હતું.

ખેલાડીઓને સ્કૂલના વ્યાયમ શિક્ષક વિશાલ થોરાત દ્વારા તાલીમ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય તેજસિંહ પરમારે વિજેતા ખેલાડીઓ અને શિક્ષકને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

આજે ગણપત યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ યોજાશે

સમારોહ પહેલાં શિપ ઇન કૅમ્પસનો પ્રારંભ કરાશે, જે અંતર્ગત શિપિંગ ઍન્જિનીયરિંગના વિદ્યાર્થીઓને હૅન્ડ્સ ઑન તાલીમ કૅમ્પસમાં જ મળી રહેશે

ગાંધીનગર, તા. ૪

એક અગ્રણી અને હાઈ-ટૅક યુનિવર્સિટી તરીકે ખ્યાત ગણપત યુનિવર્સિટી તેરમો પદવીદાન સમારોહ તેમજ શિપ ઇન કૅમ્પસનું ઉદ્‌ઘાટન તા. પાંચમી જાન્યુઆરીને રવિવારના રોજ થઈ રહ્યું છે.

પદવીદાન સમારોહ પહેલાં શિપ ઇન કૅમ્પસનો પ્રારંભ કરાશે, જે અંતર્ગત શિપિંગ ઍન્જિનીયરિંગ ક્ષેત્રના વિદ્યાર્થીઓને હૅન્ડ્સ ઑન તાલીમ કૅમ્પસમાં જ મળી રહેશે.

પદવીદાન સમારોહ અંતર્ગત ડિપ્લોમા, ડિગ્રી, માસ્ટર અને પીએચડી કક્ષાની પરીક્ષાઓ પાસ કરનારા ૨૫૧૧ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે. આ પૈકી ૭૦ જેટલા વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસક્રમમાં અવ્વલ પરિણામ લાવવા બદલ ગોલ્ડ મૅડલથી સન્માનિત કરવામાં આવશે.

આ પદવીદાન સમારોહ પ્રસંગે અતિથિ તરીકે શિપિંગ, કૅમિકલ અને ફર્ટિલાઈઝર વિભાગના કેન્દ્રીય રાજ્યમંત્રી મનસુખ માંડવિયા ઉપસ્થિત રહેશે. સમારોહનું પ્રમુખ સ્થાન ગણપત યુનિવર્સિટીના પ્રમુખ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ શોભાવશે.

ઝોન -૬માં સમાવિષ્ટ ગાંધીનગર, અમદાવાદ, આણંદ અને ખેડાના પત્રકારો ગાંધીનગરમાં મળ્યા

પત્રકાર એકતા સંગઠનનું અધિવેશન યોજાયું

ગાંધીનગર, તા. ૪

તાજેતરમાં પત્રકાર એકતા સંગઠન ઝોન -૬માં સમાવિષ્ટ ચાર જિલ્લા ગાંધીનગર, અમદાવાદ, આણંદ અને ખેડા જિલ્લાના પત્રકારોનું અધિવેશન ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે યોજવામાં આવ્યું હતું.

આ અધિવેશનના અધ્યક્ષ સ્થાને પ્રદેશ અધ્યક્ષ લાભુભાઈ કાત્રોડીયા, સંગઠનના પ્રયોજક સલીમભાઈ બાવાણી, ઉપ પ્રમુખ આર. બી. રાઠોડ, મહામંત્રી ગીરવાનસિંહ, ઝોન -૪ ના સહ પ્રભારી હરજીભાઈ બારૈયા,સહ મંત્રી રીટા સિંઘ, ઝોન -૧ ના પ્રભારી ભાર્ગવ જોશી, પ્રદેશ મહામંત્રી જમુનાબેના, પ્રદેશ મંત્રી રાજુભાઈ જાદવ અને ઝોન ૮ ના સાહપ્રભારી કમલેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં આ સંગઠન ૧૮ જિલ્લાઓ સુધી વિસ્તરી ચૂક્યું છે.

આ અધિવેશન અંતર્ગત ગાંધીનગર જિલ્લા પ્રમુખ તરીકે સર્વાનુમતે કશ્યપ નિમાવત, અમદાવાદ જિલ્લા પ્રમુખ તરીકે હસમુખભાઈ પટેલ, ખેડા જિલ્લાના પ્રમુખ તરીકે વિરાંગભાઈ મહેતા તેમજ આણંદ જિલ્લાના પ્રમુખ તરીકે સમીરભાઈ શેખની પસંદગી કરવામાં આવી હતી.

ઉપસ્થિત પીઢ પત્રકારો, મોટી સંખ્યામાં ભાગ લેનાર ચારેય જિલ્લાના પત્રકારોનો આભાર ઝોન -૬ ના પ્રભારી પ્રકાશભાઈ પંચોલી દ્વારા માનવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા સહ પ્રભારી જેણુભા વાઘેલાની ટીમે જહેમત ઉઠાવી હતી.ગૌરાંગભાઈ પંડ્યાના માર્ગદર્શન હેઠળ આ અધિવેશન યોજવામાં આવ્યું હતું.

જન્મદિને વધામણી

મેહુલ પટેલ
કારોબારી સભ્ય, કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૨૫૦૩૮

મનોજ શુક્લ
મો. ૯૮૨૫૮ ૭૯૫૨૯

સ્વામી સદાનંદ ભારતી
મંત્રી, અખિલ ગુજરાત કુદરતી ઉપચાર અને યોગ મહામંડળ

પરેશ સી. પંડ્યા
મો. ૯૯૨૪૬ ૪૬૯૭૭

ઋતુ મેહુલ પ્રજાપતિ

આજે આશિતાનું ભરતનાટ્યમ આરંગેત્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૪

કિંજલબેન અને કુલદીપ ભાવસારની સુપુત્રી તથા વૈશાલી પંડ્યા સોનીની શિષ્યા આશિતાનું ભરતનાટ્યમ આરંગેત્રમ રવિવાર, તા. ૫મી જાન્યુઆરીના રોજ ખીમજી વિસરામ હૉલ, સર્વ વિદ્યાલય કૅમ્પસ, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે સાંજે ૩થી ૬ દરમિયાન યોજાઈ રહ્યું છે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા અને અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન પટેલ, ભરતનાટ્યમ નિષ્ણાત કલ્પનાબેન જૈન અને હિલવૂડ્સ સ્કૂલનાં ઉપાચાર્ય કિરણ ઉપાધ્યાય ઉપસ્થિત રહેશે.